RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 239, Dt.26-12-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ચૂંટણી વર્ષમાં ભાજપને અધધ...૨૨૪૪ કરોડનું ભંડોળ મળ્યું

## કોંગ્રેસને રૂ.૨૮૯ કરોડ મળ્યા : બંધ થયેલા ચુંટણી બોન્ડના મારફત મળેલા નાણા હજુ જાહેર થયા નથીઃ ઈ ડી., આઈટીના રડારમાં રહેલા લોટરી કિંગ તરફથી ભંડોળ મેળવનારામાં ભાજપ – તૃણમુલ કોંગ્રેસ મોખરે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈલેકટરોલ બોન્ડે ભલે વિદાય લેવી પડી પણ રાજકીય પક્ષોની તિજોરીમાં નાણાની રેલમછેલમ યથાવત રહી છે અને દેશમાં જેમ આવકની અસમાનતા છે અને ધનવાનો વધુ ધનવાન થઈ રહ્યા છે તેમ દેશના સૌથી ધનવાન પક્ષ ગણાતા ભારતીય જનતા પક્ષના ભંડોળમાં સૌથી વધુ નાણા ઉમેરાય છે. ભાજપને ૨૦૨૪માં કુલ ૨૨૪૪ કરોડનું ભંડોળ મળ્યું અને આ રકમ રૂ.૨૦૦૦૦ કે તેથી વધુના ભંડોળ આપનાર તરફથી મળી છે.

જેમાં કોઈના વ્યક્તિગત ફાળા ટ્રસ્ટ અને કોર્પોરેટ તરફથી મળતા ફંડનો સમાવેશ થાય છે અને ૨૦૨૨/૨૩ કરતા તે ત્રણ ગણી રકમ ભંડોળ તરીકે મળી છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષને રૂ.૨૮૮.૯ કરોડનું કુલ ભંડોળ મળ્યુ હતું. જે અગાઉના ૭૯.૯ કરોડના ભંડોળ કરતા ચાર ગણું છે.

ચુંટણીપંચની વેબસાઈટ પર મુકાયેલી માહિતી મુજબ ૨૦૨૩/૨૪ના વર્ષમાં ભાજપને રૂ.૭૨૩.૬ કરોડની રકમ ઈલેકટરોલ- ટ્રસ્ટ તરફથી મળી છે. આ ટ્રસ્ટ અનેક કોર્પોરેટ કે અન્ય બીઝનેસ અથવા ધનવાન પરિવારો ચલાવે છે તો કોંગ્રેસને આ પ્રકારે ટ્રસ્ટની મળેલી રકમ રૂ.૧૫૬.૪ કરોડની થઈ છે.

આ પ્રકારે ટ્રસ્ટ મારફત ડોનેશન આપવામાં ફરી એક વખત મોટા સરકારી પ્રોજેકટ મેળવતી કંપની મેઘા એન્જી. એન્ડ ઈન્ફ્રા લી. છે જે શાસક ને ઈલેકટરોલ બોન્ડ મારફત પણ ડોનેશન આપવામાં અગ્રણી હતી તો કોરોનાકાળમાં વેકસીનથી જાણીતી બનેલી પુનાની સીરમ ઈન્સ્ટીટયુટ, બિન નિવાસી ભારતીય લક્ષ્મી મિતલની કંપની આર્સેલર મિતલ તથા દેશની ટેલીકોમ્યુનીકેશન ક્ષેત્રની નંબર-૨ ભારતી એરટેલને આ ટોચના ડોનરમાં સમાવેશ થાય છે. જો કે આ ડોનરમાં કોણે કેટલી રકમ આપી તે હજુ ચુંટણી પંચે જાહેર કર્યુ નથી.

જો કે ભાજપ તથા કોંગ્રેસ પક્ષે જે કુલ ડોનેશન જાહેર કર્યુ છે. ઈલેકટોરલ બોન્ડ જે હવે બંધ થયા છે તેના મારફત અગાઉ મેળવેલા નાણા જાહેર કર્યા નથી અને આ માહિતી ફકત તેણે વાર્ષિક ઓડીટ રિપોર્ટમાં આપવાનું જરૂરી છે. સુપ્રીમકોર્ટ આ વર્ષે જ ઈલેકટોરલ બોન્ડ નાબુદ કર્યા છે. જો કે મુખ્ય રાજકીય પક્ષો કરતા પ્રાદેશિક પક્ષો વધુ પ્રમાણીક છે.



અનેક પ્રાદેશિક પક્ષોએ હાલ જરૂરી નહી હોવા છતા પણ ઈલેકટરોલ બોન્ડ મારફત જે નાણા મળ્યા તે પણ જાહેર કર્યા છે. જેમાં તેલંગાણામાં સતા ગુમાવનાર ભારત રાષ્ટ્રીય સમીતીએ રૂ.૬૦ કરોડ, વાયએસઆર કોંગ્રેસ પક્ષ રૂ.૧૨૧.૫ કરોડ અને જેએમએમએ રૂ.૧૧.૫ કરોડ આ પ્રકારે મારફત નાણા મળ્યાનું જાહેર કર્યુ છે. ભાજપને ચુંટણીના વર્ષમાં મળતા ભંડોળમાં ૨૧૨%નો વધારો થયો છે. ભાજપે ઈ-ટ્રસ્ટો માટે રૂ.૮૫૦ કરોડ મળ્યા છે. કોંગ્રેસ પક્ષે આ રૂટ પરથી રૂ.૧૫૬ કરોડ મેળવ્યા છે જેને લોટરી કિંગ તરીકે ઓળખવામાં આવે છે અને કાનૂની સકંજામાં પણ આવી ચુકેલા છે તે સાન્ટીગો માર્ટીન કંપની તરફથી રૂ.૩ કરોડનું ભંડોળ મેળવ્યુ છે.આ કંપની મની લોન્ડ્રીંગ અને કાળા નાણાના કેસમાં ફસાઈ છે તેની પાસેથી તૃણમુલ કોંગ્રેસને પણ સૌથી મોટુ ભંડોળ મેળવ્યુ છે તો હવે દિલ્હી ચુંટણી લડવા જઈ રહેલા આમ આદમી પાર્ટીને રૂ.૧૧.૧ કરોડનુ ભંડોળ મેળવ્યુ છે. જો કે ૨૦૨૩-૨૪માં આ પક્ષને રૂ.૩૭.૧ કરોડ મળ્યા હતા તો ભારતીય સામ્યવાદી પક્ષ (માર્કસવાદી)ને રૂ.૭.૬ કરોડ મળ્યા છે જે અગાઉના વર્ષના રૂ.૬.૧ કરોડ કરતા વધુ છે. રાજકીય પક્ષોએ ચુંટણી પંચને જે ભંડોળ માહિતી આપી છે તે ઈલેકટરોલ ટ્રસ્ટ ઉપરાંત જેઓએ રૂ.૨૦૦૦૦ કે તેથી વધુ ભંડોળ આપ્યા છે તે રકમનો સમાવેશ થાય છે જયારે જે ઈ-બોન્ડના નાણાની માહિતી હવે તેઓ ઓડિટેડ હિસાબો આપે છે તેમાં દર્શાવશે પરંતુ રૂ.૨૦૦૦૦થી ઓછી રકમ જેમાં નનામથ જરૂરી નથી તેની માહિતી જાહેર થઈ નથી.

# રાજકોટ અમદાવાદ હાઈવે પર ચાર વાહનો વચ્ચે અકસ્માતમાં બેના મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદ- રાજકોટ હાઈવે અકસ્માતો માટે કુખ્યાત છે. હાઈવે ઉપર બાવળાથી બગોદરા વચ્ચે ગમખ્વાર અકસ્માત થયાના સમાચાર મળી રહ્યા છે. બાવળા બગોદરા હાઈવે ઉપર ભમાસરા ગામ પાસે ચાર ભારે વાહનો એકબીજા સાથે અથડાતા ભીષણ આગ ફાટી નીકળી હતી. જેના પગલે બે લોકોના મોત નીપજ્યા છે જ્યારે ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ચાર વાહનો અથડાતા બ્લાસ્ટ થયો હતો અને ભીષણ આગ લાગતા ચારેય વાહનો બળીને ખાખ થયા હતા. ઘટનાના પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.



બાવળા બગોદરા હાઈવે પર ભમાસરા ગામ નજીક રાજકોટથી અમદાવાદ આવતા આઈસર ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. તે ડિવાઈડર કૂદી અન્ય વાહનો સાથે અથડાઈ હતી. આઈસર સીએનજી હોવાથી તેમાં આગ લાગી હતી. આગમાં ચારેય વાહનો લપેટાયા હતા. આ સમગ્ર ઘટનામાં ૨ ટ્રકના ૨ લોકો ઘાયલ થતા હોસ્પિટલમાં ખસેડાયા છે. અકસ્માતમાં ૧ ટ્રકમાં સવાર ૨ લોકોના મોત થયા છે.

બાવળા તરફથી બગોદરા તરફ જતા આઈસર ટ્રકમાં ઘઉં અને ચોખાની બોરીઓ ભરેલી હતી. મોડી રાત્રે સર્જાયેલા અકસ્માતમાં કલાકો સુધી રાત્રે ટ્રાફિકજામ રહ્યો હતો. આ તરફ ઘટનામાં ફાયર બ્રિગેડએ આગ પર કાબુ મેળવ્યો તો પોલીસે ટ્રાફિકજામને હળવો કર્યો હતો. વધુ મળતી માહિતી પ્રમાણે કાપડ ભરેલ ટ્રક ચોટીલાથી અમદાવાદ જતી હતી. આ ટ્રક ચોટીલામાં રણછોડભાઈ રબારીની કંપનીની ટ્રક હતી. ટ્રકનો જૂનો ડ્રાઈવર પ્રદીપભાઈ રજા પર ગયો હતો તો મૃતક કમલભાઈ તેની જગ્યા પર આવ્યા હતા. અકસ્માતની ઘટનામાં ડ્રાઈવર કમલભાઈનું મોત થયું છે, જ્યારે અન્ય ૧ મૃતક કોઈ પેસેન્જર હોવાની વાત સામે આવી છે.

# અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો વધુ ગગડયો

- ડોલર સામે ભારતીય કરન્સી પર સતત વધતુ દબાણ



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેલેન્ડર વર્ષનાં અંતિમ દિવસોમાં અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો વધુને વધુ દબાણ હેઠળ આવી રહ્યો હોય તેમ આજે વધુ ગગડયો હતો. અને ૮૫.૨૫ ના નવા તળીયે ઘસી ગયો હતો.નબળા રૂપિયાથી ક્રુડતેલ, ખાતર, સોના-ચાંદી સહીતની તમામ આયાત મોંઘી થવાની સાથે ઘર આંગણે ફુગાવાનું જોખમ વધારવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

કેલેન્ડર વર્ષ આવતા ચાર દિવસમાં વિદાય લેવાનું છે. તે પૂર્વે શેરબજારમાં વિદેશી નાણા સંસ્થાઓ જંગી વેચાણ કરી રહી છે. કરોડો અબજો રૂપિયા પાછા ખેંચાવાથી રૂપિયો દબાણમાં છે.આજે પ્રારંભીક કામકાજમાં જ ૬ પૈસા ઘટીને ૮૫.૨૫ ના નવા તળીયે ઘસી ગયો હતો.

જાણકારોના કહેવા પ્રમાણે રૂપિયાની નબળાઈ ભારતમાં મોંઘવારીનું જોખમ સર્જશે. તમામ આયાતી ચીજો મોંઘી થશે. ખાસ કરીને પેટ્રોલ-ડીઝલ તતા ખાતર પર નવા બોજથી ભાવ વધારાની સ્થિતિ સર્જાઈ શકે છે.

# જાપાન એરલાઈન્સ પર મોટો સાઈબર એટેક

## ઘરેલુ – આંતરરાષ્ટ્રીય ટિકીટોનું વેચાણ અટકાવી દેવાયું : ઘરેલુ ઉડાનોમાં વિલંબ

**મુખ્ય સમાચાર,ટોકયો**

જાપાન એર લાઈન્સ પર આજે ગુરુવારે સવારે મોટો સાઈબર હુમલો થયો હતો. સાઈબર હુમલાખોરોની આ કરતૂતના કારણે મોટી સંખ્યામાં ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ઉડાનોને અસર થઈ હતી. ટિકીટોનું વેચાણ પણ રોકી દેવામાં આવ્યું છે.

સાઈબર હુમલો સવારે સ્થાનિક સમય અનુસાર સવારે ૮.૫૬ વાગ્યા આસપાસ થયો હતો. આ કારણે એરલાઈન્સની પુરી વ્યવસ્થા હચમચી ગઈ હતી. એરલાઈન્સના પ્રવકતાએ જણાવ્યું હતું કે, વ્યવસ્થા દુરસ્ત કરવાના હરસંભવ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.




હાલ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ઉડાનો માટે ટિકીટોનું વેચાણ રોકી દેવામાં આવ્યું છે. એરલાઈન્સે યાત્રીઓને પડેલી અસુવિધા માટે ખેદ વ્યકત કર્યો છે. જાપાન એરલાઈન્સ દેશની બીજી સૌથી મોટી એરલાઈન્સ કંપની છે.

એરલાઈન્સે સાઈબર હુમલાને લઈને જણાવ્યું હતું કે, અમે સિસ્ટમને ઠીક કરવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહ્યા છીએ. અમે સતત રિકવરી સ્ટેટસ પર નજર રાખી રહ્યા છીએ.

હાલ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય સેવાઓને અસર થઈ છે. જેનો અમને ખેદ છે. જાપાની મીડીયા મુજબ સાઈબર હુમલાના કારણે જાપાન એરલાઈન્સની ૯ ઘરેલુ ઉડાનોમાં વિલંબની ખબર છે. આ સંખ્યા હજુ વધી શકે છે.

# આગામી તા ૧થી પાંચ મોટા ફેરફારો થશે

## આ ફેરફારોમાં રસોડામાં ઉપયોગમાં લેવાતા એલપીજી સિલિન્ડરની કિંમતોથી લઈને ઝડઈં પેમેન્ટ સુધીના નિયમોનો સમાવેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વર્ષ ૨૦૨૪ સમાપ્ત થવામાં માત્ર છ દિવસ બાકી છે અને દેશભરમાં નવા વર્ષ ૨૦૨૫ની શરૂઆતની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. નવા વર્ષની સાથે દેશમાં ૧લી જાન્યુઆરી ૨૦૨૫થી ઘણા મોટા ફેરફારો (૧લી જાન્યુઆરીથી નિયમમાં ફેરફાર) લાગુ થવા જઈ રહ્યા છે. જેની અસર દરેક ઘર અને દરેક ખિસ્સામાં જોવા મળશે. આ ફેરફારોમાં રસોડામાં ઉપયોગમાં લેવાતા એલપીજી સિલિન્ડરની કિંમતોથી લઈને યુપીઆઇ પેમેન્ટ સુધીના નિયમોનો સમાવેશ થાય છે.

દેશમાં દર મહિને અનેક નાણાકીય ફેરફારો જોવા મળે છે અને માત્ર નવો મહિનો જ નહીં પરંતુ ૧ જાન્યુઆરીથી નવું વર્ષ પણ શરૂ થવા જઈ રહ્યું છે. દેશમાં વર્ષના પહેલા દિવસથી જ પાંચ મોટા ફેરફારો લાગુ થવા જઈ રહ્યા છે.




સૌ પ્રથમ, એલપીજી સિલિન્ડર (એલપીજી કિંમત) અને એર ઈંધણની કિંમતો (એટીએફ દરો) ની કિંમતોમાં સુધારો કરવામાં આવશે. કારણ કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ મહિનાના પહેલા દિવસે આ ફેરફારો કરે છે. તો ઝડઈ ૧૨૩ઙ્ગ પેમેન્ટના નિયમો પણ ૧લી જાન્યુઆરીથી લાગુ થવા જઈ રહ્યા છે. તેથી ઊડ્ઢક્ષ્ઘ પેન્શનરો માટે લાવવામાં આવેલ નવો નિયમ પણ આજ દિવસથી લાગુ થશે. આ ઉપરાંત ખેડૂતોને ગેરંટી વગરની લોન પણ આ યાદીમાં સામેલ છે.

દર મહિનાની પ્રથમ તારીખની જેમ, ૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, ઓઇલ માર્કેટિંગ કંપનીઓ રસોડા અને કોમર્શિયલ એલપીજી ગેસના ભાવમાં સુધારો કરશે અને નવા દરો જાહેર કરશે. કંપનીઓએ છેલ્લા કેટલાક સમયથી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘણા ફેરફાર કર્યા છે, પરંતુ દેશમાં ૧૪ કિલોના કિચન સિલિન્ડરની કિંમતો લાંબા સમયથી સ્થિર છે. આવી સ્થિતિમાં આ વખતે લોકો તેની કિંમતમાં ફેરફારની આશા રાખી રહ્યા છે. આ સિવાય એર ફ્યુઅલની કિંમતોમાં પણ ફેરફાર જોવા મળી શકે છે.

૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, નવા વર્ષના પ્રથમ દિવસે, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે EPFO દ્વારા પેન્શનરો માટે એક નવો નિયમ લાગુ કરવામાં આવશે, જે તેમના માટે એક મોટી ભેટ છે. વાસ્તવમાં, EPFO નવા વર્ષમાં પેન્શનધારકો માટે એક મોટો ફેરફાર કરવા જઈ રહ્યું છે, જેના હેઠળ હવે પેન્શનધારકો દેશની કોઈપણ બેંકમાંથી તેમની પેન્શનની રકમ ઉપાડી શકશે અને આ માટે તેમને કોઈ વધારાના વેરિફિકેશનની જરૂર નહીં પડે.

UPI 123Pay ને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા ફીચર ફોન્સથી ઓનલાઈન પેમેન્ટની સુવિધા પૂરી પાડવા માટે લોન્ચ કરવામાં આવી હતી. તેની ટ્રાન્ઝેક્શન લિમિટ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે ૧ જાન્યુઆરીથી લાગુ થશે. આ પછી યુઝર્સ હવે ૧૦,૦૦૦ રૂપિયા સુધીનું ઓનલાઈન પેમેન્ટ કરી શકશે. પહેલા આ મર્યાદા માત્ર ૫,૦૦૦ રૂપિયા હતી.

સેન્સેકસ, સેન્સેકસ-૫૦ અને બેન્કેક્સની માસિક એક્સપાયરીમાં ફેરફાર કરવામાં આવ્યા છે. હવે દર અઠવાડિયે શુક્રવાર નહીં પરંતુ મંગળવારે યોજાશે. જ્યારે ત્રિમાસિક અને અર્ધવાર્ષિક કરાર છેલ્લા મંગળવારે સમાપ્ત થશે. બીજી તરફ, NSE ઈન્ડેક્સે નિફ્ટી ૫૦ માસિક કોન્ટ્રાક્ટ માટે ગુરુવાર નક્કી કર્યો છે. આગામી ફેરફાર જે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી થવા જઈ રહ્યો છે તે ખેડૂતો સાથે સંબંધિત છે. વર્ષના પ્રથમ દિવસથી, RBI ખેડૂતોને કોઈપણ ગેરેંટી વિના ૨ લાખ રૂપિયા સુધીની લોન આપશે.

# હવે પ્રોફેશનલ ને કેનેડામાં નોકરી માટે ઈમીગ્રેશનનો વધુ એક ‘કોઠો’ વિંધવો પડશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઓટ્ટાવોઃ ભારતીયો માટે કેનેડા ડ્રીમ વધુને વધુ મુશ્કેલ સાબીત થઈ શકે છે તે સમયે ટ્રુડો સરકારે હવે કેનેડા જઈને નોકરી કરવા માંગતા ભારતીય સહિતના પ્રોફેશનલ માટે એકસપ્રેસ ઈમીગ્રેશન સીસ્ટમમાં બદલાવ કર્યા છે. અગાઉ સ્ટુડન્ટ માટે જે આ સીસ્ટમ બંધ કરી હતી.

હવે પ્રોફેશનલ માટે તે વધુ કડક રીતે લાગુ થશે. ખાસ કરીને નોકરી માટે ઈચ્છુક ઉમેદવારની યોગ્યતા નિશ્ચિત કરવા માટે જે સંકલીત રેન્કીંગ સીસ્ટમ અપનાવવામાં આવે છે તેના નિયમો બદલાયા છે.

જેમાં અગાઉ કેનેડા જઈને નોકરી શોધતા તેઓને પણ તેની યોગ્યતાના આધારે વધારાના પોઈન્ટ મળતા હતા પણ હવે નોકરીની ઓફર મળે પછી જ કેનેડામાં એન્ટ્રી માટે વધારાના પોઈન્ટ તેને ઉપલબ્ધ બનશે.

આ સિસ્ટમ આગામી વર્ષથી લાગુ થઈ જશે. ખાસ કરીને તેઓ કેનેડામાં એકસપ્રેસ એન્ટ્રી સીસ્ટમ મારફત કાયમી વસી જવાના ઈરાદા ધરાવતા હતા અને આ નિયમ વધુ અસર કરશે. પીઆરના આધારે કેનેડા પહોંચીને પછી ગમે તે જોબ મેળવી પછી વધુ સારી જોબ માટે આવતા લોકોને જોબ ઓફર વગર અગ્રતા આપવા કોઈ વધારાના પોઈન્ટ નહી મળે. જેઓ આ સીસ્ટમ હેઠળ અરજી કરી ચૂકયા છે તેઓને જો કે રાહત રહેશે કે તેઓને નિયમ લાગુ પડશે નહી. ખાસ કરીને ટ્રુડો સરકારમાં ફકત કેનેડામાં વસવા માટે જ ગમે તે જોબ સ્વીકારી લે છે તેને આંચકો આપવા માંગે છે અને




નોકરીની યોગ્યતાના આધારે પોઈન્ટ મળશે અને તે રીતેના વિસા મંજુર થશે. કેનેડામાં ટેલેન્ટેડ જ આવે તે ઈચ્છે છે. નાની નોકરી કરનારા ઘરભાડા વધારે છે અને તેમાં સ્થાનિક સ્તરે સ્પર્ધા સર્જે છે.

હવે ફકત કુશળ, શ્રમીક, વ્યાપારીને જ આ સિસ્ટમનો લાભ મળશે. આ માટે જે તે વ્યક્તિ પોતાની પ્રોફાઈલ બનાવીને સતાવાર વેબસાઈટ પર મુકી તે ‘પુલ’માં આવી શકે છે જેમાં જેની નોકરીની ઓફર પ્રથમ તેને વધારાના પોઈન્ટ મળશે અને તેમાં વધુ પોઈન્ટ ધરાવનાર પ્રથમ ક્રમે વિસા મેળવશે.

# આજથી ત્રણ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી

## નલિયામાં ૯.૮, રાજકોટમાં ૧૧ અને ભુજમાં ૧૦.૯ ડિગ્રીને બાદ કરતા અન્યત્ર ઠંડી નહીવત

**મુખ્ય સમાચાર,રાજકોટ**


આજથી ત્રણ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી કરાઈ છે ત્યારે આજે પણ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં સતત ચોથા દિવસે ધાબડિયુ હવામાન રહ્યું હતુ અને નલિયા, રાજકોટ, ભુજને બાદ કરતા સર્વત્ર ઠંડી સાવ સામાન્ય રહેવા પામી હતી.


આજે સવારે નલિયા ખાતે ૯.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૧ ડિગ્રી અને ભુજમાં ૧૦.૯ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ઠંડીનો ચકારો રહેવા પામ્યો હતો. જયારે અમદાવાદમાં ૧૮.૬, અમરેલીમાં ૧૩.૬, વડોદરામાં ૧૯, દમણમાં ૧૬.૮, ડિસામાં ૧૫.૩, દિવમાં ૧૩.૨, દ્વારકામાં ૧૬.૪, ગાંધીનગરમાં ૧૭.૬, કંડલામાં ૧૪.૮, ઓખામાં ૧૭.૬, પોરબંદરમાં ૧૪.૬, સુરતમાં ૧૮.૪ તથા વેરાવળમાં ૧૫.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.જામનગરમાં વાદળછાયા વાતાવરણમાં શિયાળાની તિવ્ર ઠંડી વચ્ચે વેગીલો વાયરો ફુંકાતા વાતાવરણ ઠંડુગાર બન્યુ છે. લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી વચ્ચે શિતલહેરોના સકંજાના કારણે સવારે અને સાંજે વાતાવરણ ટાઢુબોળ રહેતા જનજીવન પ્રભાવિત થયુ હતુ. લગભગ ૬.૫ કિ.મિ.ની ઝડપે પવન ફુંકાતા શહેરીજનોએ તિવ્ર ઠંડી સાથે બર્ફીલા માહોલનો અહેસાસ કર્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી તિવ્ર ઠંડીનુ સામ્રાજય છવાયુ છે.લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી જયારે મહતમ તાપમાનો પારો ૨૩ ડિગ્રી પર રહયો હતો. બીજી બાજુ



ભેજનુ પ્રમાણ વધી ૭૨ ટકા રહયુ હતુ. જયારે પવનની ગતિ ૬.૫ રહી હતી.શિતપ્રકોપની અસર શહેરના જુદા જુદા સતત -ધમધમતા રાજમાર્ગો પર રાત્રીના પગરવ સાથે પાંખી ચહલ પહલ જોવા મળી હતી.ખાસ કરી સાંજે શહેરમાં ગરમ પીણાનુ વેચાણ કરતા દુકાનદારોને ત્યાં ખાસ્સો તડાકો જોવા મળ્યો હતો. જયારે ભાવનગરમાં ૨૪ કલાકમાં લઘુતમ તાપમાન ચાર ડિગ્રી ઉચ્ચકાતા ઠંડીની તીવ્રતામાં ઘટાડો નોંધાયો છે. બુધવારે ભાવનગરનું લઘુત્તમ તાપમાન ૧૩.૪ ડિગ્રી હતું તે આજે ગુરુવારે વધીને ૧૭. ૦ ડિગ્રી એ પહોંચતા ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આજે સવારે ભાવનગર શહેરમાં ભેજનું પ્રમાણ ૫૪% હતું અને સવારે પવનની ઝડપ ૬ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

# રામરણુજા સોસાયટી પાસે સરકારી ખરાબાની જામીન બારોબાર વેચાઈ ગઈ


વેંચનાર


લેનાર




(તસ્વીરઃ આનંદ જાવિયા)





**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર કોઠારીયાના વોડ નં.૧૮ માં આવેલ સર્વે નં ૮૫ રામરણુજા સોસાયટીના રહેવાસી તરીકે આપ કલેક્ટરને જણાવાનું કે, અમારી સોસાયટીની બાજુમાં નદીકાંઠાના વિસ્તાર પાસે આવેલ સરકારી જમીનમાં ભૂમાફિયાઓ દ્વારા ગેર-કાયદેસર આધાર પુરાવો તેમજ બનાવટી બોગસ દસ્તાવેજો બનાવી સ્ટેમ્પ પેપર લખાણ કરી ગુજરાત રાજયના સ્થાનિક અશિક્ષિત પરિવારના લોકો તેમજ પરપ્રાંતીઓને આ જમીન બિનઅધિકૃત રીતે ભૂમાફિયાઓ દ્વારા વેચાણ કરવામાં આવી રહું છે. પ્રતિ દિન આ જમીનનું વેચાણ વધતા અમે સ્થાનિક રહેવાસીઓ આ ભૂમાફિયાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ સરકારી જમીન પર વર્ષો પહેલા ગાય-ભેસો બાંધી કબ્જો જમાવી મૃત વકતીઓ ના નામે મોટા-મોટા વંડા તેમજ મકાનો ના બનાવટી લખાણ બનાવી વેચાણ કરવામાં આવતા હોય, હાલમાં પણ એજ સ્થાનિક લોકો દ્વારા સોસાયટીની પ્રિન્ટ પાડી પ્લોટ નું ગેર-કાયદેસર ૩ લાખ થી ૫ લાખ રૂપિયામાં સરકારી જગ્યાનું મૃત વેકતીના નામે વેચાણ કરવામાં આવી રહું છે. અમારી રામરણુજા સોસાયટીના સર્વે નં ૮૫ પેકી-૪ પેકી-૧ ટાઈટલ કિલયર જમીન નું ક્ષેત્રફડ 9611.00 SQ MT ના એરિયામાં ૫૩ પ્લોટ નું દસ્તાવેજી પુરાવા સાથે મામલદાર કચેરીમાં રજીસ્ટર પુરાવા સાથે ના માલીકી હક બોલે છે, પરંતુ અમારી ટાઈટલ કીલીયર સોસાયટી ના લેઉવુટ દસ્તાવેજી પુરાવામાં બોલતી જમીન ના કોમન પ્લોટ એરિયામાં પણ ભૂમાફિયાઓ દ્વારા સરકારી અધિકારીઓ ની મિલી ભગત થી ગેર-કાયદેસર મકાનો બનાવી સોસાયટીના કોમન પ્લોટ જગ્યા પર પણ કબ્જો જમાવી મકાનોનું બાધકામ કરી ગેર-કાયદેસરરીતે પરપ્રાંતીઓને મૃત લોકોના નામે દસ્તાવેજી પુરાવા બનાવી વેચાણ કરવામાં આવે છે. હાલમાં આ જમીન પર PGVCLમાં બોગસ આધાર પુરાવો તેમજ બનાવટી દસ્તાવેજો રજૂ કરી લાઈટ ના વીજ પોલ પણ ફાડવી આપવામાં આવેલ છે. PGVCL ના સ્ટાફના નામે ચેકિગ કરીને અનેક વખત આ સોસાયટીમાં રહેતા લોકો પાસ થી દંડની બીકો બતાવી મજૂર વર્ગના લોકો પાસે થી હજારો રૂપિયાની લૂટ ફાટ કરવામાં આવે છે. આ અંગે આપ ની કચેરીના ફિલ્ડ પર નો સ્ટાફ તમામ હકીકત જાણતો હોવા છતાં પણ પોતાનો આથિક વહીવટ કરી લઈને પોતાના ઉપરી અધિકારીઓને અંધારામાં રાખીને આવા ભૂમાફિયાઓ બિન્દાશ સરકારી જમીનો નું વેચાણ કરવાનો પીરો પરવાનો મળી જતો હોય તેથી જરા પણ સરકારનો ડર લાગતો નથી. આપ ને અમો સ્થાનિક રહેવાસીઓ દ્વારા લેખીત રજુવાત કરી છી કે સરકારી જગયાનુ જે કોય ભૂમાફિયાઓ વેચાણ કરી રહિયા છે તેની સામે લેન્ડ ગ્રેબિંગ જેવા કાયદાનું અનુ સાર આકરી સજા કરવાં આપને અમો સ્થાનિક રહેવાસીઓ વિનંતી કરી છે.

## રૂા.૨.૫૦ લાખના પ્લોટ વેચાઈ ગયા બાદ મકાન બની ગયાઃ કોઠારીયાના સર્વે નં.૮૫ ની બાજુમાં આવેલ સરકારી જમીનનું ગેરકાયદેસર બોગસ દસ્તાવેજ કરી વેચાણ કરનારા સામે યોગ્ય કાર્યવાહી કરવા અંગે કલેકટરને રજુઆત

### PGVCL ના કનેક્શન તેમજ ભૂતિયા નળ કનેક્શનની બોલબાલા

શહેરના રણુજા સોસાયટી પાસે સરકારી ખરાબાની જમીન બારોબાર વેચાઈ જવાના સાથે ત્યાં પાણીના ભુતિયા કનેક્શનનો પણ મકાન ધારકોએ લઈ લીધા છે વધુમાં ાલદભહ ના કર્મચારીઓ ની મિલી ભગતને કારણે ત્યાં વીજ કનેક્શન ઓપન દરેક મકાનમાં જોવા મળી રહ્યા છે સરકારી તંત્રની આળસ અને મીલી ભગતને કારણે કરોડોની જમીન બારોબાર વેચાવવા સાથે પૂતે નળ કનેક્શન અને પીજીવીસીએલ ના વિજ દોરડા પણ મળી ગયા છે

### મૃતકોના નામે પણ ગેરકાયદે દસ્તાવેજ બનાવ્યા

સરકારી અધિકારીઓ ની મિલી ભગત થી ગેર-કાયદેસર મકાનો બનાવી સોસાયટીના કોમન પ્લોટ જગ્યા પર પણ કબ્જો જમાવી મકાનોનું બાધકામ કરી ગેર-કાયદેસરરીતે પરપ્રાંતીઓને મૃત લોકોના નામે દસ્તાવેજી પુરાવા બનાવી વેચાણ કરવામાં આવે છે. હાલમાં આ જમીન પર PGVCLમાં બોગસ આધાર પુરાવો તેમજ બનાવટી દસ્તાવેજો રજૂ કરી લાઈટ ના વીજ પોલ પણ ફાડવી આપવામાં આવેલ છે.

# શહેરના મ્યુ કમિશનર બંગલા પાસે કાર ચાલકે ત્રણ વાહનોને હડફેટ લીધા




(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરમાં પોલીસ તંત્રની ધાક દિવસેને દિવસે ઓસરી રહી છે છાસવારે અનેક ગુનાઓ પોલીસ ચોપડે નોંધઇ રહ્યા છે આજે શહેરણા હાર્દ સમા રામકૃષ્ણનગર વિસ્તારમાં આવેલ મ્યુનિસિપલ કમિશનર ના બંગલા પાસે એક પૂરપાટ ઝડપે દોડતી કારે ત્રણ વાહન ચાલકોને હડફેટે લેતા તેઓ ફંગોડાયા હતા સમ નસીબે કોઈ જાનહાની થવા પામી નથી વાહન ચાલકોને નાની મોટી ઈજા સાથે વાહનમાં મોટું નુકસાન થયું હતું

# અમદાવાદમાં સારી કામગીરી બદલઃ જે-ડિવિઝન એસીપી એન્ડ ટીમને પ્રશંસાપત્રો એનાયત કરાયા

## અમદાવાદના ઝોન-૬ હેઠળના વિસ્તારોમાંથી મસમોટો ગાંજાનો જથ્થો, વાહનચોર ગેંગ પકડવા ઉપરાંત અનેક ઘરફોડ ચોરીના ભેદ ઉકેલનારા સ્ટાફને બિરદાવતાં અધિકારીઓ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદમાં ગુનાખોરીએ માજા મુકી છે ત્યારે વધી રહેલા ક્રાઈમને પકંટ્રોલથમાં કરવા માટે તમામ બ્રાન્ચ, પોલીસ મથક સહિતના એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આ બધાની વચ્ચે ઝોન-૬માં સમાવિષ્ટ વિસ્તારોના પોલીસ મથક તેમજ બ્રાન્ચ દ્વારા એક બાદ એક ગંભીર ગુનાના ભેદ ઉકેલવા ઉપરાંત નશીલા દ્રવ્યોની હેરાફેરીને અટકાવવા સહિતની ઉમદા કામગીરી કરવામાં આવી હોય એસીપી એન્ડ ટીમ ઉપર અધિકારીઓના હસ્તે પ્રશંસાપત્રનો વરસાદ વરસ્યો હતો. અમદાવાદ પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંય મલિક, જેસીપી સેક્ટર-૨ જયપાલસિંહ રાઠૌર તેમજ ડીસીપી ઝોન-૬ રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ ઝોન-૬ વિસ્તારના વટવા પોલીસ મથક દ્વારા અંદાજે ૩.૬૦ કરોડનો હાઈબ્રિડ ગાંજો પકડી પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઈસનપુર પોલીસ મથક દ્વારા પોકેટ કોપ એપ્લીકેશન થકી વાહનચોરી કરતી ગેંગને દબોચી લઈ ૧૮ ચોરીના ભેદ ઉકેલાયા હતા. આ જ રીતે ઝોન-૬ એલસીબી દ્વારા ઘરફોડ ચોરીના ગુનાઓ, દારૂ-જુગારના ગુનાઓ તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવાની કામગીરી કરવામાં આવી હોય તેની નોંધ લઈને ડીસીપી ઝોન-૬ દ્વારા જે-ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાને પાંચ પ્રશંસાપત્રથી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત એલસીબી પીએસઆઈ એમ. આર.બ્રહ્મભટ્ટને ત્રણ, પોલીસ કોન્સ્ટેબલ જયરાજદાન



ગઢવીને બે, વટવા પીએસઆઈ એ.બી.ગંધા, ઈસનપુર પીએસઆઈ આર.બી.તેલે, કોન્સ્ટેબલ રાજુભાઈ વેલજીભાઈ એલસીબીના ઈમરાનખાન ઈમામખાન, ઈસનપુર પોલીસ મથકના યુવરાજસિંહ ગજેન્દ્રસિંહ, રાજુભાઈ વિહાભાઈ, વટવા પોલીસ મથકના કોન્સ્ટેબલ મેહુલભાઈ જયરામભાઈ દેસાઈને એક-એક પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. જ્યારે જે જે પોલીસ કર્મીઓને કેસની બાતમી મળી હતી તેમને રૂા.૫૦૦૦થી ૧૦,૦૦૦ સુધીના રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા.

# રીઅલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશન દ્વારા નવનિયુકત મ્યુ. કમિશનરને શુભેચ્છા પાઠવી પડતર પ્રશ્નો અંગે રજૂઆત કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રિઅલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશન દ્વારા રાજકોટ મહાનગરપાલિકા ના નવનિયુકત કમીશનર શ્રી તુષાર ડી. સુમેરા ને બુકે આપી સ્વાગત અભિનંદન શુભેચ્છાઓ પાઠવી હતી અને રાજકોટ ના બાંધકામ વિકાસ ને લગત ટાઉન પ્લાનિંગ વિભાગના વિવિધ મુશ્કેલીઓ નો ઉકેલ લાવવા રજુઆત કરી હતી.

રિઅલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશન (છછઉઅ)ના તમામ રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના પરવાનેદાર સભ્યો છીએ, વર્ષોથી બિલ્ડીંગ પ્લાન મંજુરીની પ્રક્રિયા સાથે સંકળાયેલા છીએ હાલની સાંપ્રત સમયની લગત ટાઉન પ્લાનિંગ વિભાગમાં વિવિધ મુશ્કેલીઓ પડી રહી છે જે બાબતે આપ સાહેબને નમ્ર વિનંતી સહ રજુઆત કરીએ છીએ કે નીચે મુજબની મુશ્કેલીઓનો હકારાત્મક ઉકેલ કાઢવા વિનંતી કરીએ છીએ...

રાજકોટ જીલ્લામાં નવું આંતરરાષ્ટ્રીય એરપોર્ટના લોકાર્પણ બાદ ઘણા માસથી સી.સી.ઝેડ.એમ. મેપ ડીકલેર થઈ ગયેલ હોવા છતાં આર.એલ. (રોડ લેવલ) સર્ટીફીકેટ બંને ઓથોરીટીસમાં બિનજરૂરી માંગવામાં આવે છે, રાજકોટ શહેર તથા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી હેઠળ આવતા વિસ્તારોમાં એવરેજ હાઈટ ૧૧૦ મીટર મળે છે, જે અન્વયે આ પ્રકારના સર્ટીફીકેટ ફરજિયાત માંગવા એ બિનજરૂરી જણાતું હોય તેવું લાગે છે.

કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન (સી. એન્ડ ડી.) વેસ્ટ રૂલ્સ - ૨૦૧૬ હેઠળની પ્રક્રિયામાં ખુબ વિલંબ થતો હોય તેમજ અનેકવિધ અગવડતા અને મુશ્કેલીઓ પડતી હોય જે નિવારવા ઉકેલ લાવવા અમો વિનંતી કરીએ છીએ.

પ્લોટ વેલિડેશન પ્રક્રિયાનો કોઈ જ પ્રકારનો મહાવરો કોઈ ઓથોરીટી પાસે છે જ નહી તેમજ આ પ્રક્રિયા અન્વયે સમયમાં ખાસ્સો વિલંબ થઈ રહ્યો છે જે અંગે આ પ્રક્રિયા રદ કરવા અથવા વૈકલ્પિક સિંગલ વિન્ડો સીસ્ટમ શરુ કરવા અમો માંગ કરીએ છીએ.

રાજકોટ મહાનગરપાલિકા અને રૂડામાં વિવિધ એન.ઓ.સી. લેવા અગવડતા પડતી હોય અને ખુબ જ વિલંબ થયો હોય તેવી પ્રક્રિયા જેવી કે ફાયર એન.ઓ.સી., રેલ્વે એન.ઓ.સી., બિનખેતી હેતુફેર તથા વિવિધ એન.ઓ.સી., મેળવવાની પ્રક્રિયા અતિ જટિલ હોય સામાન્ય અરજદારને સમયમર્યાદામાં એન.ઓ.સી. મળતી ન હોય તેથી રાજકોટ મહાનગરપાલિકા અને રૂડા દ્વારા જ આ એન.ઓ.સી.ની પ્રક્રિયા કરવામાં આવે તેવી પ્રખર માંગ કરીએ છીએ.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

ઈમ્પેક્ટ હેઠળ રજુ થયેલ પ્લાનમાં ફાયર એન.ઓ.સી.ની જરૂરિયાત રહેતી હોઈ જેમાં ફાયર વિભાગ પહેલા ઈમ્પેક્ટ હેઠળનો પ્લાન મંજુર થયેલો માંગતા હોય અને ટી.પી. શાખા ફાયર એન.ઓ.સી. માંગતા હોય ત્યારે આ બંને વિભાગમાં વહીવટી સંકલન કરવું અત્યંત જરૂરી છે જેથી ઈમ્પેક્ટ હેઠળના કેસ ઈનવર્ડ થાય તથા સરકારની તિજોરીમાં માતબર આવક થાય આ બાબતે સત્વરે ઉકેલ લાવવા અમો માંગ કરીએ છીએ.

હાલ રાજકોટ મહાનગરપાલિકામાં નવા બિલ્ડીંગ પ્લાન મંજુરી, કમ્પ્લીશન તથા વિવિધ કામગીરીમાં હાલ જે મહેકમની નિમણુંક કરેલ છે એ સ્ટાફ વિભાગના વિવિધ કાર્યમાં અનુભવ ન હોવાથી વિવિધ કામગીરીમાં ખુબ જ વિલંબ થાય છે આથી માગણી એ છે કે ટાઉન પ્લાનિંગ વિભાગમાં નીવડેલ મહેકમની નિમણુંક કરવામાં આવે.

# સમય ટ્રેડિંગના સંચાલકોને કરેલા કરોડાના કૌભાડ અંગે ન્યાયિક તપાસની માંગ


(તસ્વીરઃ આનંદ જાવિયા)

૨૦૧૬ માં સમય ટ્રેડિંગ, સાઈ સમય ટ્રેડિંગ, આશિષ કોપરેટીવ, આ કંપની ખોલેલ હતી બધાને વળતરરૂપે ૫% થી ૧૦% વળતર ચૂકવતા હતા આ કંપનીની બંધ ૨૦૨૧ થયેલ હતી આ કંપનીમાં અંદાજિત હજારો માણસોના કરોડો નું રોકાણ હતું આ કંપની ફક્ત રાજકોટ કે ગુજરાત પૂરતી નહોતી આ કંપની માં બીજા રાજ્યોમા રોકાણકારો હતા, આ કંપની ના માલિકો જાણી જોઈને પ્રી પ્લાનિંગ કરીને કરોડો રૂપિયા સગેવગે કરેલ છે, જે તે સમયના અધિકારીઓ દ્વારા ફક્ત કાર મોબાઈલ બાઈક થોડી ઘણી જંગમ મિલકત જપ્ત કરવામાં આવી હતી. અધિકારીઓ દ્વારા કેટલાક એજન્ટો જેની તપાસ થઈ જ નથી આ તપાસ ન્યાયિક થાય એવી માગણી કરવામાં આવી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં કડકડતી ઠંડી વચ્ચે વધુ ચારના શ્વાસ થંભી ગયા

## વાયરમેન, રિક્ષાચાલક, શ્રમિક અને આધેડને આવેલો હૃદય રોગનો હુમલો જીવલેણ નિવડ્યા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહીત રાજયભરમા કડકડતી ઠંડી વચ્ચે હૃદય રોગના હુમલાનો ખતરો યથાવત હોય તેમ રાજકોટમા વધુ ૪ વ્યકિતના શ્વાસ થંભી ગયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં વાયરમેન, રિક્ષાચાલક, શ્રમિક અને આધેડને હૃદય રોગના હુમલાથી મોત નિપજતા પરિવારોમા ગમગીની છવાઇ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમા કોઠારીયા સોલવન્ટ વિસ્તારમા આવેલા ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાર્ટરમા રહેતા અજીતભાઇ લક્ષ્મીદાસ મેસવાણીયા (ઉ.વ. ૫૫) બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામા ઘરે હતા ત્યારે બેભાન હાલતમા ઢળી પડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયા હતા. જયા તબીબે જોઇ તપાસી હૃદય રોગના હુમલાથી મોત નિપજયુ હોવાનુ જાહેર કરતા પરિવાર શોકમા ગરકાવ થઇ ગયો હતો. પ્રાથમીક પુછપરછમા મૃતક આધેડ બે ભાઇમા મોટા હતા અને તેમને સંતાનમા એક પુત્રી છે. મૃતક આધેડ વાયરમેનનુ કામ કરતા હતા.

બીજા બનાવમા રાજનગર ચોક પાસે આવેલી કૈલાસ સોસાયટીમા રહેતા જયેશભાઇ દેવજીભાઇ રત્નોતર (ઉ.વ. ૫૧) પોતાના ઘરે હતા ત્યારે સાંજના સાડા પાચેક વાગ્યાના અરસામા હૃદય રોગનો હુમલો સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમા ખસેડાયા હતા. જયા તેમનુ મોત નિપજતા પરિવારમા શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પુછપરછમા મૃતક આધેડ ૩ ભાઇ એક બહેનમા મોટા હતા અને તેમને સંતાનમા બે પુત્ર છે. આધેડ રીક્ષા ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવતા હતા. જયેશભાઇ રત્નોતરને અચાનક ઉલ્ટી થયા બાદ મોત નિપજયુ હોવાનુ જાણવા મળ્યુ છે. ત્રીજા બનાવમા ગાંધીગ્રામ વિસ્તારમા આવેલા જીવંતીકાનગરમા રહેતા સુરેશભાઇ મેઘજીભાઇ પિત્રોડા (ઉ.વ. ૫૫) રામાપીર ચોકડી પાસે આવેલા શાસ્ત્રીનગરમા કલર કામ કરતા હતા ત્યારે બપોરના સમયે હૃદય રોગનો હુમલો આવતા બેભાન હાલતમા ઢળી પડયા હતા. આધેડને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામા આવતા ફરજ પરના તબીબે જોઇ તપાસી આધેડનુ હાર્ટ એટેકથી મોત નિપજયુ હોવાનુ જાહેર કરતા પરિવાર શોકમા ગરકાવ થઇ ગયો હતો. પ્રાથમીક તપાસમા મૃતક સુરેશભાઇ પિત્રોડા બે ભાઇ એક બહેનમા નાના હતા અને કલરકામ કરતી વેળાએ આવેલો હૃદય રોગનો હુમલો જીવલેણ નિવડયો હોવાનુ મળેલ છે.

ચોથા બનાવમા રેલનગરમા રહેતા જીતેન્દ્રભાઇ જેન્તીલાલ બારડ નામના ૫૧ વર્ષના આધેડ સાડા બારેક વાગ્યાના અરસામા પોતાના ઘરે હતા ત્યારે છાતીમા દુખાવો ઉપડતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યા હતા. જયા સારવાર કારગત નિવડે તે પુર્વે જ આધેડનુ મોત નિપજતા પરિવારમા કલ્પાંત સર્જાયો હતો. પ્રાથમિક તપાસમા મૃતક આધેડ બે ભાઇ બે બહેનમા વચેટ અને અપરણીત હતા. જીતેન્દ્રભાઇ બારડનુ હૃદય રોગના હુમલાથી મોત નિપજયુ હોવાનુ જાણવા મળ્યુ છે. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પરસાણાનગરમાં ફોનમાં બીજા સાથે વાત કરવા મુદ્દે પતિએ ઠપકો આપતા પત્નીનો ફાંસો ખાઈ આપઘાત

## જુદા જુદા ચાર સ્થળે બીમારી અને બેભાન હાલતમાં ચારના અપમૃત્યુ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના જામનગર રોડ પર પરસાણાનગરમાં રહેતી બિહારી પરિણીતાએ ગાળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બે દિવસ પહેલા તેણી ફોનમાં બીજા સાથે વાત કરતી હોય જે બાબતે પતિએ ઠપકો આપતા લાગી આવવાથી પગલુ ભરી લીધાનુ જાણવા મળ્યુ છે.

મુળ બિહારની અને હાલ પરસાણાનગર શેરી.નં.૧માં રહેતા ક્રિષ્ના કુમારી રામ પાસવાન (ઉ.વ.૨૧)નામની પરિણીતાએ આજે સવારે પોતાના ઘરે ગાળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પતિ બહારથી ઘરે આવ્યો ત્યારે પત્ની જમીન પર પડેલી હોય જેથી તેને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયા ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરી હતી. પ્રનગર પોલીસને જાણ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પરિણીતાના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હોવાનુ અને તેને સંતાનમાં બે પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. વધુ તપાસમાં તેણી બે દિવસ પહેલા કોઈ સાથે ફોન પર વાત કરી હોય જેથી તેના પતિએ બીજા સાથે વાત કરવાની ના પાડી ઠપકો આપ્યો હતો જેથી પતિના ઠપકાનું માઠુ લાગી આવતા આ પગલુ ભરી લીધાનુ ખૂલવા પામ્યું છે. રૈયાધાર સ્લમ કવાર્ટરમાં રહેતા ભીલાબેન શંકરભાઈ તુવરીયા (ઉ.વ.૪૬) નામના મહિલાનુ બેભાન હાલતમાં મોત નીપજ્યુ હતુ. બીજા બનાવમાં પરસાણાનગર શેરી નં. ૧૩માં રહેતા દિવાળીબેન નારણભાઈ સોઢા (ઉ.વ.૫૫)નામના પ્રૌઢાનુ બીમારી સબબ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. ત્રીજા બનાવમાં ભાવનગર રોડ પર મનહરપરા શેરી નં.૧૨માં રહેતી ૧૫વર્ષીય લક્ષ્મી રાજેશભાઈ પરમાર નામની સગીરાનુ બીમારી સબબ બેભાન થઈ જતા મોત નીપજ્યુ છે. જયારે નાના મવા રોડ પર ભીમનગરમાં રહેતા હંસાબેન કુવરજીભાઈ નારોલા (ઉ.વ.૫૫) નામના પ્રૌઢા પોતાના ઘરે હતા ત્યારે તેમનુ બેભાન થઈ જતા મોત નીપજ્યુ હતુ.

# થર્ટી ફર્સ્ટ નજીક આવતા જ શરાબીઓ પર પોલીસે ઘોંસ બોલાવી: ૨૭ પીધેલા પકડાયા

## ટ્રાફિક પોલીસે ચારેય સેક્ટરોમાં ડ્રાઈવ યોજી ૨૪૫ વાહન ચાલકોને રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**





થર્ટી ફસ્ટ નજીક આવતા જ પોલીસ દ્વારા શહેરમાં કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં પોલીસ દ્વારા અલગ- અલગ વિસ્તારોમાંથી દારૂ પી વાહન ચલાવનાર પ્યાસીઓને ઝડપી લીધા હતા. આ ઉપરાત પોલીસે ચેકિંગ દરમિયાન ચાર શખસોને છરી સાથે અને એક શખસને તલવાર સાથે ઝડપી લીધો હતો. આ ઉપરાંત ટ્રાકિક પોલીસ દ્વારા રાત્રિના આઠથી દસ વાગ્યા સુધી ટ્રાફિક ડ્રાઈવ ૨૪૫ વાહન ચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો.

વિગત મુજબ એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે લોહાનગર અને લોધાવડ ચોક પાસેથી બી ડિવિઝન પોલીસે ભગવતીપરા મેઈન રોડ અને સંત કબીર રોડ પરથી કુવાડવા રોડ પોલીસે રાજકોટ અમદાવાદ હાઈવે પર નવાગામ પાસે, એરપોર્ટ પોલીસે અમદાવાદ નેશનલ હાઈવે પર એરપોર્ટના રસ્તા પાસેથી, ભક્તિનગર પોલીસે સહકાર મેઈન રોડ ત્રિશુલ ચોક, બોલબાલા માર્ગ પરથી અને થોરાળા પોલીસે ચુનારાવાડ ચોક પાસેથી ગાંધીગ્રામ પોલીસે રામાપીર ચોકડી, જામનગર રોડ ઘટેશ્વર પાર્ક, રૈયા રોડ પાસેથી યુનિવર્સિટી પોલીસે રૈયાધાર પાસેથી માલવીયાનગર પોલીસે પતંજલિ સ્કૂલ પાસેથી અને તાલુકા પોલીસે મોટા મવા કણકોટ રોડ પરથી ૨૭ પીધેલા વાહન ચાલકોને પકડી પાડયા હતા. જ્યારે આ સિવાય ચેકિંગ દરમિયાન હથિયારો સાથે પાંચને પકડી લીધા હતા.

જ્યારે ટ્રાફિક પોલીસે ચારેય સેક્ટરોમાં ટ્રાફિક ડ્રાઈવ યોજીને ૨૪૫ વાહન ચાલકોને રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો હતો. અને ૧૧ વાહનો ડિટેઈન કર્યા હતા.ઉપરાંત ૧૨૩ વાહન ચાલકોને બ્રેથ એનેલાઈઝરથી ચેક કરવામાં આવ્યા હતા.

# ભાવનગર રોડ પર છુટક વેચાણ અર્થે લાવેલ ૩.૯૬૫ ગ્રામ ચરસના જથ્થા સાથે બે શખસો ઝડપાયા

## ચરસ, મોબાઈલ અને રીક્ષા મળી રૂ.૬.૫૯ લાખનો મુદ્દામાલ ઝબ્બે

**મુખ્ય સમાચાર,રાજકોટ**



શહેરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં થાય અને નશાખોરો બેફામ બને નહીં તે માટે પોલીસ સક્રિય બની છે અને વાહન ચેકિંગ સહિતની ઝુંબેશ સઘન બનાવાઈ છે ત્યારે એસઓજીની ટીમે ભાવનગર રોડ પર રિક્ષામાં નશીલા પદાર્થ સાથે બેઠેલા બે શખ્સને ઉઠાવી લઈ તેમની પાસેથી રૂ.૫,૯૪,૭૫૦નો ૩ કિલો ૯૬૫ ગ્રામ ચરસનો જથ્થો જપ્ત કર્યો હતો.

સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના પીઆઈ એસ.એમ.જાડેજાને માહિતી મળી હતી કે, ભાવનગર રોડ પર શાળા નં.૧૩ પાસે રિક્ષામાં બેઠેલા બે શખ્સ પાસે માદક પદાર્થનો મોટો જથ્થો છે અને ગણતરીની મિનિટોમાં આ બંને શખ્સ નશીલો પદાર્થ સગેવગે કરી નાખશે. હકીકત મળતાં જ પીઆઈ જાડેજા સહિતની ટીમ દોડી ગઈ હતી અને રિક્ષાને કોર્ડન કરી લીધી હતી. પોલીસે તલાશી લેતા રિક્ષામાંથી શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો મળ્યો હતો. એફએસએલ નિષ્ણાતને બોલાવતા તેમણે આ જથ્થો ચરસનો હોવાનું સ્પષ્ટ કરી દીધું હતું.

પોલીસે રૂ.૫,૯૪,૭૫૦ની કિંમતનો ૩.૯૬૫ કિલોગ્રામ ચરસ, બે મોબાઈલ અને રિક્ષા સહિત કુલ રૂ.૬,૫૯,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરી રિક્ષામાં બેઠેલા લલૂડી વોંકળી પાસે રહેતા શબ્બીર સલીમ શેખ(ઉ.વ.૩૨) અને સહકાર મેઈન રોડ પર કલ્યાણ હોલ નજીક રહેતા અક્ષય કિશોર કથરેચા (ઉ.વ.૩૦)ની ધરપકડ કરી હતી. ચરસનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને કોને આપવાના હતા તે સહિતના મુદ્દે પોલીસે તપાસનો દોર શરૂ કર્યો હતો.

શહેરમાં ગાંજો, ચરસ, એમ.ડી. સહિતના ડ્રગ્સનું ધૂમ સેવન થઈ રહ્યું છે. યુવાનોને બરબાદ કરતા આ ડ્રગ્સનું વેચાણ કરતા તત્ત્વો પર પોલીસ વોચ રાખી રહી છે, પરંતુ દિનપ્રતિદિન યુવાનો ડ્રગ્સના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. ઝડપાયેલો શબ્બીર અને અક્ષય અગાઉ માદક પદાર્થ લઈ આવ્યા હતા કે કેમ? અથવા આ બંને શખ્સો કોના માટે કામ કરતા હતા તે સહિતના મુદ્દે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# એકલવ્યનગરમાં કેટરર્સ સંચાલક દંપતી સાથે રહેતી પરિણીતાને પતિ તેડવા આવતા દવા પી લીધી

## દંપતી ધરાર સાથે રાખી મળવા દેતા નહીં હોવાનો પતિનો આરોપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**



શહેરના કણકોટના પાટિયા પાસે એકલવ્યનગરમાં રહેતી પરણીતાએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પરણીતા કેટર્સ સંચાલક દંપતિ સાથે ચાર મહિનાથી રહેતી હોય અને તેના પતિને કેટરસ સંચાલક દંપતિ પતિને મળવા નહીં દેતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી

એકલવ્યનગરમાં રહેતી નિશા રાકેશભાઈ ખેતરિયા ઉ.વ.૨૯એ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવી હતી. નિશાએ આપઘાતના પ્રયાસ અંગે પોલીસને જણાવ્યું કે, તેના લગ્નને ૧૦ વર્ષ થયા છે. અને સંતાનમાં બે પુત્રો છે. તે છેલ્લા ચાર મહિનાથી કેટરર્સ સંચાલક હર્ષદ ચાવડા અને તેની પત્ની રેખા સાથે રહે છે. પતિ સાથે નિશાને બનતું ન હોય જેથી તે આ દંપતિ સાથે રહે છે. નિશા તેના પતિ રાકેશને મળવા માંગતી હોય પરંતુ રેખા અને તેનો પતિ હર્ષદ તેને મળવા દેતા ન હોય આ બાબતે નિશાના પતિ રાકેશે ગત તા. ૧૭-૧૨ના રોજ પોલીસ કમિશનરને અરજી કરી હતી. જેમાં જણાવ્યું કે, તેની પત્ની નિશા ગત તા. ૨૦-૫-૨૪ના રોજ કાર્તિક રાજપૂત નામના છોકરા સાથે ભાગી ગઈ હોય બે મહિના અને ૧૫ દિવસ તે રોકાયા બાદ પાછી આવી હતી અને મરજીથી ગયેલી નિશાને તેના બે પુત્રોને રાકેશે અપનાવી લીધા હતાં. પાંચ દિવસ રોકાયા બાદ ફરી નિશા ઘરમુકીને ભાગી ગઈ હતી. અને રાકેશના સબંધી હર્ષદ ચાવડા અને રેખાને ત્યાં છેલ્લા ચાર મહિનાથી રહે છે. રાકેશે આક્ષેપ કર્યો છે કે, પત્ની નિશાને રેખા અને હર્ષદ બન્ને ઘરકામ અને કેટરર્સના કામ કરાવે છે. અને તેને ઘરે મોકલતા નથી અને પત્નીને લાલચ આપી બીજે લગ્ન કરાવી દેશું તેવી લાલચ આપે છે. રાકેશની અરજીના આધારે મહિલા પોલીસે નિશા અને રાકેશની પુછપરછ માટે તેનું તેડુ મોકલ્યું હોય ત્યારે કોઈ કારણસર નિશાએ ઝેરી દવા પી લીધી હતી. જો કે, આ મામલે પોલીસે સત્ય હકીકત શું છે તે જાણવા વધુ તપાસ શરૂ કરી છે.

# પોલીસમેનની હત્યાના તાજના સાક્ષી ઉપર હુમલો કરનાર આરોપીઓનું કાઢ્યું સરઘસ



રાજકોટ શહેરમા અગાઉ પોલીસમેન ભરત ગઢવીના મર્ડર કેસમા તાજના સાક્ષી રહેલા રમેશ દેવરાજભાઈ ગજેરા (રહે. ગોકુલપાર્ક, શેરી નં ૩, કોઠારીયા ગામે) પર અઠવાડીયા પહેલા પોલીસમેનના મર્ડરના આરોપી રાજો જાડેજા તેમજ તેમના સાગ્રીત ચિરાગ બકાલી, ચંદ્રેશ ઉર્ફે ચાંદો ગોહેલ, મિલન બાવાજી, દિનેશ કાંચો, પિયુષ સોલંકી, મનીયો મિસ્ત્રી, છોટુ અને એક અજાણ્યા શખ્સે હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામા ભકિતનગર પોલીસના પીઆઈ સરવૈયા અને તેમની ટીમે આરોપીને પકડી લીધા હતા. ત્યારે આજે આરોપીનો વિસ્તારમા પવરઘોડોથ કાઢતા લોકોના ટોળા જોવા એકત્ર થયા હતા.


# આવાસ યોજનાનો ફ્લેટ ભાડે લઈ જુગારકલબ શરૂ કરી દીધી

## ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી છ જુગારીઓને દબોચી લઇ રૂા.૭૧ હજારનો મુદ્દામાલ કબ્જે કાર્યા

રાજકોટમાં જરૂરિયાતમંદ પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા અલગ-અલગ વિસ્તારમાં આવાસ યોજના બનાવવામાં આવી છે. ડ્રો મારફતે ફ્લેટ લાગ્યા બાદ અનેક લોકો એવા હોય છે ત્યાં રહેવાની જગ્યાએ ભાડે આપી દેતાં હોય ફ્લેટનો દુરુપયોગ થાય છે. આવી જ એક કારસ્તાન સામે આવ્યું છે જ્યાં એક શખ્સે આવાસ યોજનાનો ફ્લેટ ભાડે લઈને જુગારક્લબ શરૂ કરી દેતાં ડીસીબીએ ત્રાટકીને છ જુગારીને પકડી પાડયા હતા. ડીસીબી પીએસઆઈ એમ.કે.મોવલિયા સહિતની ટીમે વાવડીમાં આવેલી મનસુખભાઈ છાપીયા ટાઉનશિપ નામની પ્રધાનમંત્રી આવાસ યોજનાની પએલથ વિંગના ચોથા માળે ફ્લેટ નં.૪૦૨માં કિશોર શિવાભાઈ ટીલાળા બહારથી જુગારીઓને બોલાવીને ક્લબ ચલાવી રહ્યાની બાતમી મળતાં જ દરોડો પાડીને જયેશ ગીરધરભાઈ સોરઠિયા, જગદીશ ઉર્ફે જગાભાઈ ધીરાભાઈ કપૂરી, અજય ઉર્ફે મુન્નો બાબુભાઈ ડાવરા, ભાવેશ કરમશીભાઈ વોરા અને રેનિશ ચુનીલાલ સોરઠિયાને ૭૧૨૦૦ની રોકડ સાથે પકડી પાડયા હતા. જાણવા મળ્યા પ્રમાણે કિશોર ટીલાળાએ આ ફ્લેટ ભાડેથી મેળવ્યો હતો જે ગેરકાયદેસર કૃત્ય છે. મહાપાલિકા દ્વારા વાર-પરબે અલગ-અલગ આવાસ યોજનામાં સરપ્રાઈઝ ચેકિંગ કરીને ભાડે ચડાવેલા ફ્લેટને તાત્કાલિક સીલ કરવામાં આવે છે પરંતુ મનસુખભાઈ છાપીયા આવાસ યોજનામાં ચેકિંગ ન કર્યું હોવાને કારણે તેનો લાભ લઈ અહીં જુગારક્લબ ધમધમવા લાગી હતી. જુગારીઓ અગાઉ પણ અનેક વખત સાથે રમી ચૂક્યા હોય રજાનો દિવસ હોવાને કારણે ફરી એકઠા થયા હતા પરંતુ પોલીસે રંગમાં ભંગ પાડયો હતો.

# નવા રીંગ રોડનો વિડીયો વાયરલ : પોલીસે વાયરલ રીલ્સ આધારે આરોપીને દબોચી લીધો


## બુલેટમાં રોલા પાડતા નબીરાએ રસ્તા પર પેટ્રોલથી ૨૧ લખી આગ ચાંપી દીધી



રીલ્સ બનાવવા માટે હોત ફેવરીટ બનેલા નવા રીંગ રોડ ઉપરનો વધુ એક વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે જેમાં બુલેટસવાર નબીરો રસ્તા ઉપર પેટ્રોલથી ૨૧ લખી તેમાં આગ લગાડતો હોય તેવું જોવા મળી રહ્યું છે પોલીસે વાયરલ વિડીયો આધારે નબીરાને દબોચી લીધો હતો. તાજેતરમાં એક વિડીયો રીલ્સ વાયરલ થઈ છે જેમાં સાસોકી માલાપે સિમરું મેં તેરા નામ ગીત ઉપર બનાવેલી રીલ્સમાં બુલેટ લઈને આવતો શખ્સ નવા રીંગ રોડ ઉપર રસ્તામાં વચોવચ બુલેટ ઉભું રાખી પેટ્રોલથી ૨૧ લખી તેમાં દીવાસળી નાખી આગ લગાડતોનજરે પડી રહ્યો છે કદાચ તેનો ૨૧મો જન્મદિવસ હોય તેની ઉજવણી કરતો હોય તેવી શંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. યુર્નિવસિટી પી.આઈ. પટેલે વાયરલ વિડીયો આધારે શખસની ઓળખ મેળવી શિવપરામાં રહેતા જીત રવિભાઈ રાઠોડ નામના શખસ સામે ગુનો નોંધી ધરપકડ કરી, બુલેટ કબજે કર્યુ હતુ.


# દામજી મેપા પ્લોટમાં ધો.૧૦ની છાત્રાને પિતાએ ટીવી જોવા બદલે વાંચન માટે ઠપકો આપતા આપઘાતનો પ્રયાસ

## માતા જોઈ જતા પુત્રીનો જીવ બચ્યો, તાકિદે સારવારમાં ખસેડી



શહેરના દામજી મેપા પ્લોટમાં રહેતી ધો.૧૦ની છાત્રાને પિતાએ ટીવી જોવાને બદલે વાંચન કરવા ઠપકો આપ્યો હોવાથી માઠું લાગી આવતા પુત્રીએ ફાંસો ખાઈ લીધો હતો.જો કે માતા જોઈ જતાં તાકિદે બેભાન હાલતમાં વિદ્યાર્થિનીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આમ સમયસર માતા આવી જતા પુત્રીનો જીવ બચી ગયો છે. દામજી મેપા પ્લોટ પીપળીયા હોલ નજીક શેરી નં. ૫માં રહેતી આરતી કમલેશભાઈ ગાંગાણી (ઉ. વ.૧૫) નામની સગીરાએ ગઈકાલે સાંજે છતના હુકમાં ચુંદડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. માતા ઉપરના રૂમમાં જતાં પુત્રીને લટકતી જોઈ દેકારો કરતા ઘરના સભ્યો દોડી ગયા હતા. બાદમાં તેણીને બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે નોંધ કરી ભકિતનગર પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં આપઘાતનો પ્રયાસ કરનાર તરૂણી ત્રણ બહેનમાં વચેટ છે. અને ધો.૧૦માં અભ્યાસ કરે છે. પિતાએ બોર્ડમાં સારા માર્ક આવે તે માટે ટીવી જોવામાં ધ્યાન આપવાને બદલે અભ્યાસમાં ધ્યાન આપવાનું કહેતા પિતાના મીઠા ઠપકાનું મનમા લાગી આવી ને પુત્રીએ જીવનદોરી ટુંકાવવાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# હરિ ધવા મેઈન રોડ પર બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા: ૭૦ હજારની ચોરી



શહેરના હરિ ધવા મેઈન રોડ પર રાત્રિના બંધ મકાનને નિશાન બનાવી એક તસ્કરે રોકડ અને ચાંદીના ઘરેણાં મળી ૭૦ હજારની મત્તા ચોરી કરી જતાં ભકિતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. અને પોલીસે સીસીટીવી ફટેજ ચકાસતા તેમ એક શખસ ઘરમાં આવ્યો હોવાનું નજરે પડતા તેની શોધખોળ કરી છે.બનાવની વિગતો મુજબ, હરિ ધવા મેઈન રોડ પર આવેલા મોરારીનગર શેરી નંબર ૬માં રહેતા કૌશલ મહેશભાઈ માધાણી(ઉ.વ ૨૯) નામના યુવાને ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે તા. ૨૩/૧૨ના રાત્રીના આઠેક વાગ્યે આસપાસ ઘરને તાળું મારી તે તેના માતા વર્ષાબેનને માતાજીના દર્શને જવું હોય જેથી ઢેબર રોડ પર ખોડીયાર માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા. દરમિયાન રાત્રિના સવા દસેક વાગ્યે આસપાસ યુવાનને તેના પિતાનો ફોન આવ્યો હતો કે, આપણા ઘરના મેઈનું દરવાજાનું તાળું સાઈડમાં પડ્યું છે અને નકુચો તૂટેલો છે થાં સામાન વેર વિખેર પડ્યો છે જેથી તપાસ કરતાં કબાટમાં ધંધાના રાખેલ ૬૫ હજાર રોકડ અને ૫ હજારના ચાંદીના દાગીના ચોરી થયા હોવાનું માલૂમ પડ્યું હતું.

# નાના મવા ચોક પાસે એપાર્ટમેન્ટમાં હોદેદારોનો મેઈન્ટેનન્સની રકમ ઓળવી જવાનો કારસો

- પોલીસ પગલાં નહી લ્યે તો ફોજદારી કાર્યવાહી કરવાની ફ્લેટ ઓનર્સની ચીમકી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નાના મવા ચોક પાસે આવેલા એક હાઈરાઈઝ એપાર્ટમેન્ટમાં સોસાયટીના પ્રમુખ અને હોદ્દેદારોએ આખા એપાર્ટમેન્ટનાં મેઈન્ટેનન્સનાં નાણા ચાંઉ કરી જવાના મલીન ઈરાદાથી કારસો રચ્યા બાદ આ મામલો પોલીસમાં પહોંચ્યો છે અને એપાર્ટમેન્ટનાં રહીશોએ આવી પ્રવૃત્તિ સામે અવાજ ઉઠાવ્યો છે. કિંગના નામ સાથેના આ એપાર્ટમેન્ટમાં હોદેદારોના ત્રાસથી રહેવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને આ એપાર્ટમેન્ટ અસામાજિક પ્રવૃતિઓનો અડ્ડો બની ગયો હોવાની ફરિયાદ કરી છે.

પોલીસમાં કરવામાં આવેલી અરજીમાં કરાયેલા આક્ષેપ અનુસાર, આ એપાર્ટમેન્ટમાં રહીશોના વિરોધની વચ્ચે દારુ અને ગાંજા જેવા દુષણો વધી રહ્યા છે. અહી કેટલાક હોદ્દેદારો નિયમોને નેવે મુકીને પાર્ટી કરે છે અને વાતાવરણ ખરાબ કરે છે. આ એપાર્ટમેન્ટમાં ડ્રગ પેડલર અને બુટલેગર નિયમિત રીતે આંટા મારી રહ્યા હોવાથી એપાર્ટમેન્ટમાં રહેવું દુષ્કર બની ગયુ છે. આવી સ્થિતિનો લાભ ઉઠાવીને ફ્લેટ હોલ્ડર્સની કિમતી મિલકત સસ્તાભાવે પચાવી પાડવાનો કારસો પણ રચાયો હોવાનું જણાવાયુ છે.

એપાર્ટમેન્ટના રહીશોએ એવુ કહ્યુ છે કે, અહીં ફ્લેટ ધારકોના વિરોધ વચ્ચે કોઈ પણ કાયદાકીય પ્રોસીજર વગર પ્રમુખની નિમણુંક થઇ છે. અને આ પ્રમુખે મનમાની અનુસાર હોદેદારો નીમી દીધા છે.

આ બધાએ સાથે મળીને કરોડો રૂપિયાનુ મેઈન્ટેનન્સ ફંડ ઓળવી જવાનો કારસો પણ કર્યો છે. કેટલાક સભ્યોએ સોસાયટીના હિસાબો માગ્યા તો તેને ધમકી આપવામાં આવી હતી. આ એપાર્ટમેન્ટની બાજુની જગ્યામાં પ્રોજેક્ટ કરવા માટે પણ આ પ્રમુખ અને હોદ્દેદારોએ ખંડણી માગી હોવાનું આ અરજીમાં જણાવાયું છે.

આ એપાર્ટમેન્ટમાં ગેરકાયદેસર તોડફોડ કરીને એમેનીટીઝને પણ નુકસાન કર્યુ છે. હાલમાં એપાર્ટમેન્ટમાં ગંદકીના થર જામ્યા છે અન્ય સમસ્યાઓ પણ છે અને આ સમસ્યા સામે અવાજ ઉઠાવનારના વાહનોને નુકસાન કરવામાં આવે છે. આ એપાર્ટમેન્ટમાં ભૂતકાળમાં પ્રમુખના મળતિયા ડ્રાઈવરને ફ્લેટ હોલ્ડરોએ માદક દ્રવ્યોનો નશો કરતા રંગે હાથ પકડયો હતો પણ નાણાના જોરે પોલીસમાં ભીનુ સંકેલાઈ ગયુ હતુ.હવે આ મામલામાં જો પોલીસ કાર્યવાહી નહી કરે તો ફોજદારી રાહે.